**Capital World (Gujarati) Pg 5, 9th July 2022**

# ક્રીપ્ટો કરન્સીમાં સુધારોઃ બિટકોઈનમાં ૪.૪૧ ટકાનો ઉછાળો

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૩.૧૬ ટકાનો સુધારો

**કેપિટલ સંવાદદાતા તા.૭**

ક્રીપ્ટો માર્કેટમાં શુક્રવારે શરૂઆતની વૃદ્ધિ બાદ પ્રોફિટ બુકિંગ થતાં ભાવ થોડા ઘટ્યા હતા. બીજી બાજુ, અમેરિકામાં સ્ટોક્સ ફ્યુચર્સમાં ઘટાડો નોંધાયો હતો. બિટકોઈન ૨૨,૨૦૦ની સપાટી તોડ્યા બાદ ૨૧,૪૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

સંસ્થાકીય રોકાણકારોએ કરેલી ખરીદીને પગલે બિટકોઈન ત્રણ સપ્તાહની ટોચે પહોંચ્યો હતો. કોઈનબેઝ બીટીસી પ્રાઇસ પ્રીમિયમને જોતાં કહી શકાય કે બજારમાં ખરીદશક્તિ વધી ગઈ છે. વ્હેલ્સ હવે બિટકોઈન ફરીથી સંગ્રહ કરવા લાગ્યા છે.

નોંધનીય છે કે બિટકોઈનના કેટલાક માઈનર્સે જણાવ્યું હતું કે તેમણે ઓચિંતું વેચાણ કર્યા વગર તેઓ ફંડની જરૂરિયાત પૂરી કરી શક્યા છે. આ જાણકારી મળ્યા બાદ રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૩૦ ટકા (૯૧૯ પોઈન્ટ) વધીને ૨૯૦૭૮ પોઈન્ટ બંધ રહ્યો હતો